## સલામી સવારની..



*'લંચ બોક્સ' નહીં એમને તો મોટાં ભાથાં હોય છે!*
*નાનો વેપાર નહીં એમને તો મોટા જથ્થાં હોય છે!*
*ભીડે મોટી બાથ ડ્રગના માફિયા બજાર સાથે -*
*વિચક્ષણના ગુન્હેગારોમાં મોટાં માથાં હોય છે!!*

**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

*ચાલ્યા જ કરે!*
*- આવાં આંદોલન તો!*
*અમે સેવામાં...*
*(લાઠી-ગોળીની?!)*

*કરાવે ચિંતા!*
*ભાવની વધઘટ -*
*બીપી ની જેમ!*
*(પેટ્રોલ-ડિઝલના ભાવ!)*

### ચિંતન

**બલવાન હીનેન વિગ્રહણીયાત્ ॥**

'ચાણક્યનીતિ શાસ્ત્ર'નું આ સૂત્ર છે :

'શક્તિશાળી રાષ્ટ્રે હંમેશાં કમજોર રાષ્ટ્ર પર હુમલો કરવો જોઈએ - અર્થાત તેને વશમાં જ રાખવું જોઈએ.'

આજે પાકિસ્તાન તદ્દન નબળો અને આર્થિક રીતે તૂટેલો દેશ છે, અમેરિકા અને ચીન એનું ભરણપોષણ કરે છે. એમનાં જ પીઠબળથી અને સૈન્યના ટેકા રુપ આતંકી જૂથો દ્વારા સતત આપણી સીમાઓ પર માથાનો દુઃખાવો બની રહ્યું છે. આપણી સીમા પર છાનગપતિયાં કરી કેટલાય સૈનિકોને 'શહીદ' બનાવે છે. આવા દેશ સાથે ચર્ચા-સંવાદ ન થાય.

આવા દેવની તો ખાસડાંની જ પૂજા થાય - એને પંપાળાય નહીં. જન્મદિન શુભેચ્છા આપવા દોડી ન જવાય પણ હકીકતમાં 'જડબાતોડ' જવાબ અપાય - એકવાર હુમલો કરી આતંકી આશ્રયોનો નાશ કરી નાખવો જોઈએ.

### સુવિચાર

- ઘરની અંદર સ્ત્રી અને ઘરની બહાર પુરુષનું ચલણ હોય તેવું સ્વીકારતા અને અપનાવતા જીવનસાથીઓનું લગ્નજીવન મહદ્અંશે ઘર્ષણરહિત હોય છે - **ચિત્રલેખા**
- હું મૂળભૂત રીતે આશાવાદી છું, આ જ અભિગમ મને હંમેશા આગળ વધવાની પ્રેરણા અને બળ આપનારું છે - **નેલ્સન મંડેલા**
- સચ બોલતા હું તો રિશ્તે ટુટ જાતે હૈ... ઔર જૂઠ બોલતા હું તો ખુદ ટુટ જાતા હું - **સત્યનારાયણ જોષી**
- શબ્દોના તીર ચાલતા હોય અને જો એ ઘાયલ કરી જાય તો સમજી લેવું કે અભિમાનની હાજરી છે - **જનકલ્યાણ**
- જેનું મન અવારનવાર નારાજ થતું રહે છે એ સંસારી, મનને નારાજ કરવાની જેની તૈયારી હોય તે ધર્મી - **બોધી વૃક્ષ**
- મન કેવું વિચિત્ર છે... 'સ્વ' કરતાં 'પર' ની વધુ પ્રશંસા થઈ જાય તો એ નારાજ થઈ જાય છે, અને 'પર' કરતાં 'સ્વ' ની નિંદા ઓછી થાય તો એ રાજી થઈ જાય છે - **અમૃતબિંદુ**

(સંકલન : દિપક વી. આસરા)

### બોધકથા

આજે બધાં ક્ષેત્રોમાં સત્ય માર ખાય છે, કોર્ટમાં ગુન્હેગારો નિર્દોષ જાહેર થાય છે, પોલીસ સ્ટેશનમાં ફરિયાદી માર ખાય છે, ભેળસેળીયાં 'ઘી' બ્રાંડના લેબલે વેંચાય છે. સત્યવાદી નેતાનો ભાવ પૂછાતો નથી. સોપારીવાળા સોમાં પૂજાય છે. સાધુ-સંતો સાચા ગરીબીમાં -અપવાસે જીવે છે. ખોટા-ખોટા આશ્રમોમાં મ્હાલે છે. આ દુનિયામાં સત્યના 'આત્મા' ને ઓળખનાર બહુ ઓછા છે.

જર્મનીમાં, જયારે ચાર્લી ચેપ્લીન જીવંત હતા ત્યારે એક શહેરમાં -ચાર્લીના પહેરવેશ અને તેના અભિનયની સ્પર્ધા યોજાઈ. ઘણાં કલાકારો ચાર્લીની વેશભૂષામાં ભાગ લેવા આવ્યા હતા.

ચાલીન ખબર પડી - એણે પણ પોતાનું જુદા જ નામે સ્પર્ધામાં ભાગ લેવા નામ નોંધાવ્યું. સ્પર્ધા થઈ અને આશ્ચર્ય એ વાતનું છે કે સાચા ચાર્લી ૧-૨-૩ નંબરમાં પણ ન આવ્યા.

પત્રકાર પરિષદમાં ખૂદ જાહેર થયા અને કહ્યું, આ સંસારમાં સદાય સાચો માણસ હારતો જ રહે છે. સત્યના આત્માને ઓળખવો ખૂબ જ કઠિન છે.

## ભગવાન મહાવીર ભારતીય સંસ્કારના અગ્રદૂત

### તંત્રીસ્થાનેથી...

જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર રાજકુમાર તરીકે જન્મ્યા હતા અને માતાનું મન રાખવા નાની વયે સંન્યાસ લેવાનો આગ્રહ છોડી સાંસારિક જીવન પણ જીવ્યા હતા. પરંતુ એમનું અવતરણ રાજમહેલમાં રહી વૈભવવિલાસ ભોગવવા નહોતું થયું. એમણે તત્કાલીન સમાજમાં વ્યાપ્ત કર્મકાંડ, ધર્મના નામે પ્રાણી હિંસા અને માણસ માણસ વચ્ચે પ્રવર્તતા વેરઝેરના શમન માટે ઉગ્ર તપસ્યા કરી. પોતાના કાનમાં ખીલો ઠોકનાર ખેડૂત પ્રત્યે પણ મનમાં લેશ પણ દુર્ભાવ ન પ્રવેશવા દીધો અને હસતે મોઢે આવા તો કેટકેટલા ઉપસર્ગોસહન કરી લીધા. સમજણપૂર્વકની સહનશીલતા માટે જૈનધર્મમાં 'તિતિક્ષા' શબ્દ વપરાય છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવાણુને પણ માનવી જેટલો જ જીવવાનો અધિકાર છે, એવી દેશના આપીને ભગવાન મહાવીરે તત્કાલીન સમાજમાં ચાલતી ક્રૂરપ ધાર્મિક વિદવિધાનો બંધ કરાવ્યાં અને પ્રજાને અહિંસા તથા ક્ષમાનો ઉપદેશ આપ્યો. ભગવાન મહાવીરના પવિત્ર આચરણની અસર હેઠળ જૈન સમાધ એમના નિર્વાણનાં અઢી હજાર વર્ષ પછી પણ એ શાશ્વત મૂલ્યોને અનુસરવાનો યત્કિંચિત્ પ્રયાસ કરતો રહ્યો છે. જૈન ધર્મના આદિપુરુષ પ્રથમ તીર્થંકર આદિનાથ - ઋષભદેવ છે. ભગવાન મહાવીર ચોવીસમા અને વર્તમાન ચોવીસીના છેલ્લા તીર્થંકર છે. એમના અનુયાયીઓએ ભારતવર્ષને 'અહિંસા'માં શ્રદ્ધા ધરાવતા રાષ્ટ્રો તરીકેની વૈશ્વિક પ્રતિષ્ઠા અર્પી છે. જૈન સાધુ ભગવંતો અને સાધ્વીજીઓ ચોમાસાના ચાર મહિના એક જ સ્થળે આરાધના કરે છે. કઠોર જીવનશૈલી, સત્ય, અહિંસા, અસ્તેય અને અપરિગ્રહના આદર્શો પાળનારા મુનિવરો અને આચાર્યોએ પ્રજાહિતનાં કાર્યો પાછળ કરોડો રૂપિયાનાં દાન મેળવી આપ્યાં છે. ગુજરાતની પ્રજા પ્રમાણમાં અહિંસક, પ્રગતિશીલ દયાળુ અને શાંત છે એની પાછળ આ જૈન આચાર-વિચારનું ઘણું મોટું પ્રદાન છે. ગુજરાતમાં દેશનો સૌથી મોટો સમુદ્ર કિનારો છે - હજારો ટન માછલાં પકડાય છે, છતાં મોટા ભાગની પ્રજા શાકાહારી છે. એની સામે બંગાલ કે સમુદ્ર કિનારાનાં બીજા રાજયોમાં માછલી એ નિયમિત વપરાતી ખોરાકની આઈટમ છે. ગુજરાતે આચાર્ય હેમચંદ્ર જેવા મહાન વ્યાકરણ શાસ્ત્રી આપ્યા છે. વળી મહારાજાધિરાજ સિદ્ધરાજે તો એમના વ્યાકરણ ગ્રંથને હાથીની અંબાડી પર બિરાજમાન કરાવી પોતે પગપાળા શોભાયાત્રામાં ભાગ લઈ શબ્દની પ્રતિષ્ઠા કરી હતી. મહારાજ કુમારપાળના શાસનકાળમાં જૈનધર્મ એ 'રાજધર્મ' હતો. એથી પ્રજા પર જે સંસ્કારો પડ્યા તે હજાર વર્ષ પછી પણ ટક્યા છે. ભગવાન અહિંસા અને ક્ષમા તથા સહનશીલતાનો શાશ્વત ઉપહાર આપી ભગવાન મહાવીરે ભારતવર્ષનું નામ ઉજાળ્યું છે. એમના જન્મદિવસે સ્વાભાવિક રીતે જ આવા અવતારી પુરુષના પુણ્ય સ્મરણનો લહાવો લેવાનું મન થાય. 'મહાવીર' એ રામભક્ત હનુમાનજીનું પણ એક નામ છે. મોરારિ બાપુએ જૈનોના સર્વોચ્ચ તીર્થ અને ભગવાન મહાવીર તથા ભગવાન બુદ્ધની સાધનાભૂમિ રાજગીર (બિહાર) ખાતે 'માનસ મહાવીર' શીર્ષક હેઠળ રામકથાનું રસપાન કરાવી બેઉ વચ્ચેનાં સમાન તત્ત્વોની સમીક્ષા કરી હતી. અઢી હજાર વર્ષ પછી પણ ભગવાન મહાવીરે સ્થાપિત કરેલાં શાશ્વત મૂલ્યો એટલાં જ પ્રાસંગિક રહ્યાં છે. વિશ્વશાંતિના એ અગ્રદૂતને કોટિ કોટિ વંદન.

## શૈક્ષણિક સંસ્થાઓનું મૂલ્યાંકન પણ કરવું જરૂરી છે...

સંસ્થાઓનું મૂલ્યાંકન એ દોરડા પર નાચવાની કળા નથી, પણ... કેડી પર સમજી-વિચારીને સૌએ સાથે ચાલવાની પ્રક્રિયા છે. શિક્ષણજગતને આપણે વારે-તહેવારે ખોટી રીતે અને સમજ્યા વિના શૂળીએ ચડાવીએ છીએ. એક શાળામાં શિક્ષકે અલગ-અલગ ઊંચાઈ ધરાવતાં બાળકોને પાણીના નળ સુધી પહોંચવાની મુશ્કેલીને દૂર કરવા સુંદર ઉપાય શોધી કાઢ્યો. તેમણે કાયમી માટે નળની ગોઠવણી ક્રમશઃ એવી રીતે કરી કે બધી ઊંચાઈના બાળકો સરળતાથી પાણી પી શકે ! જે દેશની યુવાશક્તિ વિશ્વભરમાં આપબળે લગભગ પ્રત્યેક ક્ષેત્રમાં હલચલ મચાવી શકતા હોય તો શું ભારતમાં કશું પ્રદાન ન કરી શકે.

ગુણવંત શાહ કહે છે કે : 'એક રેલગાડી માત્ર દોડતી રહે એટલું પૂરતું નથી, એણે ક્યાંક પહોંચવા માટે દોડવું રહ્યું... કંઈક આ જ અર્થમાં કોઈ યુનિવર્સિટી કે નિશાળ વર્ષોથી ચાલ્યા કરે તેથી કોઈ શુક્કરવાર વળે એવું ચોક્કસપણે કહી શકાય નહિ'...




આપણા વિદ્યાર્થીઓ શું શીખે છે? કેવી રીતે શીખે છે ? આવનાર સમયમાં તેની પ્રસ્તુતતા છે કે નહીં? આ બધા પ્રશ્નો પૂછવાનો એક વાલી તરીકે સૌને હક છે. આંકડાકીય માહિતી દ્વારા શાળાનો 'ડેટા' મેળવાય ત્યારે ઘણી બાબતો પ્રાપ્ત થાય છે. આ મૂલ્યાંકનમાં પ્રક્રિયામાં જરૂર છે માત્ર દૃઢ સંકલ્પ અને સરકારની સકારાત્મક અભિગમની. વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા ટેવાયેલા સમાજના આપણે સભ્ય ભલે રહ્યા પણ બે-પાંચ વર્ષે સંસ્થા અને શિક્ષક/અધ્યાપકના કાર્યોનું મૂલ્યાંકન પણ ભલે થતું. શું છે આ મૂલ્યાંકન? તેની પાછળ સંસ્થાનો વિકાસ અને વ્યવસ્થાઓ છુપાયેલી છે. કારણકે, દેશ,સમાજ અને સરકાર પણ શિક્ષણ વિના અગ્રેસર બની ન શકે. આર્થિકવિકાસ, માનવસંસાધન અને ભૌગોલિક વ્યવસ્થા ઊભી થાય તો જ આપણે વિશ્વભરમાં નામ કમાઈ શકીએ. સંસ્થા સંસ્થાનું આંતરિક મૂલ્યાંકન માત્ર કસોટી પૂરતું નહિ, પરંતુ નિદાત્મક વ્યવહાર માટે, ઉપચારાત્મક પગલાં તરીકે જોવું રહ્યું. કૉલેજ કક્ષાએ યુજીસી સંચાલિત 'નેક'રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા મંડળ) સારી રીતે અને વૈજ્ઞાનિક અભિગમથી ચાલી રહી છે. કૉલેજને મળતી પોઈન્ટસ અને ક્રેડીટ થકી ભવિષ્યમાં વધુ અનુદાન પ્રાપ્ત થાય છે.

સારા નાગરિકો એ દેશની શોભા છે. પણ સારા નાગરિકો વર્ગખંડનો મોલ (પાક) છે. મૂલ્યાકન દરમિયાન સંસ્થાની સામાજિક જવાબદારી, વિદ્યાથીમાં કૌશલ્ય નિર્માણ, સંસ્થાની સામાજિક ઉપાદેયતા, વિદ્યાર્થીઓની અભ્યાસલક્ષી અને સહ-અભ્યાસી પ્રવૃત્તિઓ મુખ્ય છે.

મૂલ્યાંકન પૂર્વે કેટલાક કાર્યક્રમો વિચારી શકાય જેમ કે, ભાષા- સાહિત્યિક કાર્યક્રમ આયોજન, ઈતિહાસ- બોધ કરાવતા નાટક , સ્કીટ કે એકપાત્રીય અભિનય, પુસ્તક પ્રદર્શન મનોવૈજ્ઞાનિક-કસોટીઓ દ્વારા વિદ્યાથીઓને પરીક્ષા, વ્યક્તિત્વ ઓળખ અને વ્યાવસાયિક રીતે સક્ષમ બનાવવા વગેરે. તત્ત્વજ્ઞાન જેવા અતિ માનસિક વિષયોને વિસારે પાડી દેવામાં આવ્યા છે. માનવીય સંબંધોમાં તત્ત્વજ્ઞાનની ઉપાદેયતા હંમેશા રહી છે. સંસ્કૃત ભાષામાં જ વિકસીત એવા આયુર્વેદ, જ્યોતિષ અને યોગનો સ્વીકાર વિશ્વ કક્ષાએ થઈ ગયો છે. ભારત પાસે શાંતિ-સંસ્કારનું સુભગ અને સુલભ સાહિત્ય વિપુલ પ્રમાણમાં છે. પતંજલિ અને પાણિનિનું વ્યાકરણશાસ્ત્ર તેની સચોટતા અને સૂત્રાત્મકતા માટે ખ્યાત છે. ભૂગોળને પ્રવાસ પદ્ધતિ દ્વારા વધુ પ્રચલિત અને આધિકારીક બનાવી શકાય.

ઊચ્ચ શિક્ષણ સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલા બધાએ વિચારવા જેવા કેટલાક મુદ્દાઓ... ૧. વિશ્વમાં ભારતની યુનિવર્સિટીઓનો નિમ્નક્રમ શા માટે ? ૨. આપણા રાષ્ટ્રીય પ્રશ્નો (ગરીબી, બેકારી, નિરક્ષરતા) સાથે ઊચ્ચશિક્ષણને કોઈ નાળ સંબંધ ખરો કે નહિ? ૩. ઊચ્ચ શિક્ષણને નોકરી માટે કે દેશની પ્રગતિ સાથે માટે? ૪. કૉલેજમાં મેળવેલ જ્ઞાન વ્યવહારજગતમાં કેટલું મદદરૂપ? ૫. શ્રમ સમાયોજિત શિક્ષણ વ્યવસ્થા પ્રત્યે અરુચિ કેમ? ૬. સ્વામી વિવેકાનંદ, જે.કૃષ્ણમૂર્તિ, દયાનંદ સરસ્વતી, ગાંધીજી જેવા શિક્ષણશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓને આપણે શિક્ષણના નવીન વિચારોના સમાયોજનમાં મદદમાં લઈએ છીએ? શું આપણે શિક્ષણને ઉપાર્જન અને વિદ્યાથીઓને રોકી રાખનાર 'તંત્ર' હોવાનો અનુભવ કરીએ છીએ? શું આ બધા પ્રશ્નોને આપણા સાથે કોઈ રીતે સંબંધ નથી?

કોઈ એક ગામની કલ્પના કરીએ જ્યાં ગામમાં ગટરની વ્યવસ્થા ન હોવાના કારણે ઠેર-ઠેર પાણીના ખાબોચીયાં ભરાયેલાં છે. એ જ ગામમાં વિશાળ શૈક્ષણિક સંસ્થા છે, ગ્રામ પંચાયત છે, સેવાભાવી સંસ્થાઓ પણ છે. છતાં પણ ગામમાં રોગોને જન્મ આપનાર ખાબોચીયાં ઓછાં થવાનું નામ નથી. શું આ ગામની ગંદકીના નિર્મૂલન માટે શૈક્ષણિક સંસ્થાનો કોઈ જવાબદારી હોઈ શક? વિદ્યાથીઓ ગંદકીને દૂર કરવા સામુહિક પ્રયત્ન કરી શકે ? જ્યારે ગામની સમસ્યા એ શૈક્ષણિક સંસ્થાની સમસ્યા બની જાય તો સમાજની શૈક્ષણિક સંસ્થા પ્રત્યેની સન્માનની દ્રષ્ટિમાં વધારો થશે.

## મેં તેને વિશ્વાસમાં લઈ સાચી વાત જાણવાની કોશિશ કરી... જો કે મને વિશ્વાસ હતો કે તેને હું વઢીશ નહીં - તેની ખાત્રી થતાં એ સાચેસાચી વાત કરી દેશે

હું કોલબેલનું બટન દબાવું છું અને એકટીવા પર સાચવીને બેચી જાઉં છું. સ્ટેન્ડ ઉપર કરી સેલ્ફ સ્ટાર્ટવાળી સ્વીચ પર અંગુઠો રાખું છું. મારી નજર દરવાજાની ઉપરથી નીચે તરફ જાય છે. પણ અંદરથી કોઈ દરવાજો ખોલવા આવતું નથી.

દરવાજો કોલવા મારો દીકરો આવશે એમ મને લાગે છે ભલે એ આઠમા ધોરણમાં ભણતો હોય પણ કદમ લાંબુ છે. તેથી ઉપરની જાળીમાંથી તેનું માથું દેખાઈ જાય છે. જો તેનું માથું ન દેખાય તો ઘરનાં કોઈ બીજા સભ્યને આવવાની આશા હોય છે. આજે એમ થાય છે કે દીકરો નહીં તો દીકરી દરવાજો ખોલશે. આજે બંને ભાઈ બહેન ઘરમાં જ છે. દીકરી ભલે પાંચમામાં ભણે છે પણ એડી ઊંચી કરીને સ્ટોપર ખોલી નાંખે છે.

થોડીવાર સુધીમાં જયારે આવતા નથી તો હું વિચારું છું કે કદાચ બંને સૂઈ રહ્યા હશે અથવા અંદરના ઓરડામાં મોટા અવાજે ટી.વી. જોતાં હશે. એવું પણ બને કે દીકરો ઉપરના રુમમાં કોમ્પ્યુટર પર બેસી કાનમાં હૅડ ફોન લગાવી ગીતો સાંભળતો હોય અને દીકરી ટી.વી. જોતી હોય. એવું પણ બને કે બંનેએ ડોરબેલનો અવાજ સાંભળ્યો હોય પણ અલગ અલગ ઓરડામાં બેઠેલા હોઈ દરવાજો ખોલવાની જવાબદારી એકબીજાં પર નાખતાં હોય.

એવું પહેલાં પણ બનેલું.

વળી આજકાલ થતી ચોરી, લૂંટફાટ, હત્યાના બનાવો બાબતે વિચારતાં મારા મનમાં એક અજ્ઞાત ભય વ્યાપી ગયો. મનમાં એવો વિચાર આવયાં ઝટ એકટીવા પરથી ઊતરીને ફરીથી ડોરબેલનું બટન દબાવ્યું. હવે હું બારણા પાસે ઊભો રહીને અંદરની તરફ જોઉં છું. થોડીવાર પછી અંદરનું બારણું ખોલીને દીકરી આવતી દેખાય છે. તેનું માથું નમેલું છે. હું તરત એક્ટીવા પર બેસી સેલ્ફ સ્ટાર્ટ સ્વીચ દબાવું છું.

તે દરવાજો ખોલે છે પણ મારાથી નજર મેળવતી નથી. માથું નીચું નમાવી તે એમ જ અંદર જતી રહી છે. મને તેનો આ વ્યવહાર એકદમ અસ્વાભાવિક લાગે છે. આ પહેલાં તેણે આવું કયારેય કર્યું નથી. જયાં હું એક્ટીવા અંદર લાવું છું ત્યાં તેની નજર સીટની નીચેવાળા હુક પર ટીંગાડેલ થેલી પર જાય છે. જો હુકમી થેલી ટીંગાડેલ હોય તો તેને અડકીને જુએ પછી પોતાની રીતે અનુમાન કરી ફળફળાદી કે ખાવાપીવાની બીજી ચીજો વિષે પુછે છે. ઘણીવાર જો હુકમાં ભરાવેલ થેલીમાં કંઈ ન જોવા મળે તો પોતે ડેક્કી ખોલી લે છે. છતાં જો કંઈ ન મળે તો નારાજ થઈ મોઢું ફુલાવે છે.

આજ તો એ સવારથી એક શબ્દ પર બોલી નથી. તે જરુર મારાથી કોઈ વાતે નારાજ હશે. એકટીવા ઊભું રાખી હું દરવાજો બંધ કરવા પાછળ ફર્યો ત્યાં જોયું તો ફર્શ પર પીળી પીળી કોઈ ચીજ દેખાઈ. જયારે મેં ધ્યાનથી જોયું તો ખબર પડી હું આ તો ઘણી જગ્યાએ ઢોળાયેલનાં નિશાન છે. મેં નીચે નમીને જોયું તો ખબર પડી કે એ લોટ હતો. તે પણ ચણાનો.

મેં વિચાર્યું કે આજે ફરી બંને ભાઈ બહેને ભજીયાં બનાવવાની કોશિશ કરી હશે. તે બંનેમાંથી એક લોટવાળા હાથે બહાર આવ્યું હશે. એક વાર પહેલાં પણ તેમણે આ રીતે ભજીયાં બનાવેલાં. તે વખતે તેમણે બેસન ખરાબ કરી નાખેલું. વાસણ લોટથી ખરડાયેલાં મળેલાં. મેં અને પત્નીએ તેમને આવું ન કરવાની સલાહ આપેલી.

અમારી વાત કાને ન ધરીન આજે ફરી તેમણે ભજીયાં બનાવ્યાં હોવાં જોઈએ. તે વખતે તેમણે છાનામાના કરેલ કામનાં કોઈ નિશાન છોડ્યાં ન હતા. ઢોળાયેલો લોટ જોઈને મને મારી બા યાદ આવ્યા. તેમને અમે સૌ ભાનુ કહીને બોલાવતાં. અમારા બાળકો પણ અમારી દેખાદેખીતી તેમને બાનુ કહેતા. જયારે અમે નાનાં હતાં અને અમારા હાથમાંથી લોટ ઢોળાઈ જતો ત્યારે અમારી ખૈર ન રહેતી.

ઘરની અંદર પ્રવેશતા સામેની દિવાલ પર ને ફોટો નજરે પડે છે. મારું અનુમાન સાચું નીકળ્યું. વાસ્તવમાં દીકરો કોમ્પ્યુટર પર બેસી ગીતો સાંભળતો હતો. દીકરી સ્વામી વિવેકાનંદ વિષે લેખ લખતી હતી. તે સ્વામી વિવેકાનંદના જીવન અને કાર્ય વિષે વાત કરતી હતી.

મેં રસોડામાં જઈને જોયું ત્યાં કડાઈમાં તેલ કે કોઈ વાસણમાં લોટ અડવાળેલો ન હતો. જયારે મેં બેસનનો ડબ્બો જોયો તો તેમાં અડધો અડધ બેસન ન હતું. હજુ કાલે જ દુકાનેથી હું બેસન લાવ્યો હતો. હું વિચારવા લાગ્યો. શું આ છોકરાઓ પાંચસો ગ્રામ બેસનના ભજીયાં ખાઈ ગયાં ? વાત મને માનવામાં આવતી નહોતી. એવું તો બને જ નહીં.

મને જોઈને દીકરો ખુરશી પરથી ઊભો થઈ મારી પાસે આવી ઉભો રહ્યો. મને એ પણ સમજ પડતી નહોતી કે દીકરી મારી સામે કેમ આંખ મિલાવતી નથી. એણે એવી તે શું ભૂલ કરી છે કે જેના કારણે આવું વર્તન કરે છે. એવું બને કે આજે એકલી જ ભજીયાં બનાવવા ગઈ હોય અને ભજીયાં ન બનતા ધોળેલો લોટ ગટરમાં પધરાવી દીધો હોય.

મેં તેને વિશ્વાસમાં લઈ સાચી વાત જાણવાની કોશિશ કરી. જો કે મને વિશ્વાસ હતો કે તેને હું વઢીશ નહીં તેની ખાત્રી થતાં એ સાચેસાચી વાત કરી દેશે.




'તો એકલી એકલી ભજીયાં ખાઈ ગઈ મારી બકુ?' મેં તેની નજીક જઈ પુછયું.

'ડેડી ભજીયાં' બહું સ્વાદિષ્ટ બનેલા' દીકરો હસ્યો. મેં દીકરાની સામે જોયું તો તેની આંખમાં મસ્તી ચમકતી હતી.

'એય, ચૂપ.' હું ઊંચા અવાજ સાથે તેની તરફ ફરીને જોઉં છું. જેથી દીકરીને એમ ન લાગે કે હું દીકરાનો પક્ષ લઈ રહ્યો છું.

'ડેડી, આજ જેવાં ભજીયાં તો કયારેય બન્યાં જ નથી.' દીકરાએ તાળી દેવાનો પ્રયાસ કર્યો.

હું તેની તરફ તીચ્છીં નજરે જોઉં છું. તે પોતાના હાથમાં રહેલી પેન મૂકી પાછળ ફરીને તેના ભાઈને વાંસામાં ત્રણ ધુંબા લગાવે છે. પછી ફરી જયાં હતી ત્યાં જઈને બેસી જાય છે. દીકરો તેના ધુંબા ખાઈને પણ ગુસ્સો નથી કરતો પણ કટાક્ષ કરે છે. 'કેમ ડેડી જોઈને ભજીયાંની તાકાત. જો મેં ખાદ્ય હોત તો આમ મારી જાત ખરી.' હું ઘડીકમાં દીકરાના ચહેરા તરફ તો ઘડીકમાં દીકરીના ચેહરા તરફ જોઉં છું. દીકરો ધીરેથી કહે છે 'ડેડી હું કહી તો દઉં કે ભજીયાં કયાં ગયાં પણ પછી મારી આવી બનશે.'

દીકરી ભાઈની તરફ કતરાઈને જુએ છે. એકવાર તો હું સારી રીતે જાણી ગયો હતો કે દીકરીને આખી વાતની જાણ છે, આજે દીકરો કહેવાતો માંગતો પણ પણ કોઈક વાતે અચકાતો હતો. એવું બને કે દીકરી એ દીકરાએ કરેલ કોઈ ભૂલ યાદ અપાવી રાખી હોય. જેના કારણે પોતાનું રાઝ ખુલવાના ડરથી એ ઈચ્છતો હોવા છતાં બતાવતો ન હોય.

મેં જોયું કે દીકરી જરા વધુ પડતી સંકોચમાં છે. તેના આ સંકોચ નો અહેસાસ મારા સિવાય દીકરાને પણ હોય એવું લાગે છે. અમારી સામે તે હિબકાં ભરવા લાગે છે.

'ડેડી, હું તમને કહી દઉં છું. પણ હાં તમારે એક વાયદો કરવો પડશે કે તમે મારી બહેનને કંઈ જ નહીં કહો' દીકરાની વાત સાંભળી તેને

અનુસંધાન પાના નં. ૭ પર

## સોશિયલ મીડિયા...!! ચલો ઈક બાર ફીર સે અજનબી બન જાયેં હમ દોનોં...!!




આ વખતે બોર્ડની પરીક્ષામાં એક નિબંધ પુછાયો હતો, 'સોશિયલ મીડિયા : શાપ કે વરદાન' વિષય રસપ્રદ છે, આ વિષય પર ખરેખર તો બધાંએ જ વેકેશનમાં નિબંધ લખવા જેવો છે, ચાલો શરુઆત 'સ્વ' થી જ કરીએ...

'સોશિયલ મીડિયા' દાદા-દાદીને જરાય ખબર ન પડતો. મા-બાપ માટે નવો હોવાથી ઉત્સુકતા વધારતો, ૪૦-૫૦ની ઉંમરે પહોંચેલા માટે ફરજીયાત થયેલો અને યંગ જનરેશનના ડીએનએમાં આવેલો આ અદ્દ્ભૂત શબ્દ...

સોશિયલ મીડિયાનો અર્થ સમાજ સંદર્ભે હોવા છતાં મોટેભાગે આત્મકેન્દ્રી છે, ઈબોલા-ઝીકા વાઈરસ કરતાંય વધુ ઝડપે બધાંના ઘરમાં ફેલાઈ ચૂક્યો છે, ધીમે ચાલે આવેલો આ શબ્દ જોતજોતામાં બધા માટે અનિવાર્ય થઈ પડ્યો છે અને તોય જલ્દી કોઈને ધ્યાને ન આવ્યો...

સોશિયલ મીડિયાનો શરુઆતના દિવસોમાં સાચ્ચે જ રોમાંચક અનુભવ રહ્યો. આ માધ્યમને કારણે શાળાના મિત્રો, જૂના પાડોશી કે જૂની નોકરીના કર્મચારીઓ, સગા-સંબંધી ફરી એકવાર ભેગાં થવા લાગ્યાં, સમજોને જુના સંબંધોને શોધી આપનારો આ કુંભમેળો જ હતો. ખુબ મજા પડતી, જુની વાતો, સંભારણા વાગોળતાં, બધાં વધુ ને વધુ નજીક આવતાં જ ગયા...

આ સોશિયલ મીડિયા પર પછી તો નિરર્થક પોસ્ટ નાંખવાનું પ્રમાણ વધતું ચાલ્યું. કોઈ સારો સીન કે જગ્યા દેખાય એટલે મોઢું વાંકુચુંકુ કરી એકાદી સેલ્ફી લેવાની અને કરી દેવાની અપલોડ! આવી વિચિત્ર પોસ્ટ કરનારા સજ્જનો વધવા લાગ્યાં અને એમની પોસ્ટના ફોલોઅર્સ પણ એટલાં જ વધવા લાગ્યાં...

અરણ્યમાં ફરવા જાય ત્યાં ખળખળ વહેતું ઝરણું કે ડ્રમ વગાડતો ધોધ, સુંદર લહેરાતા વૃક્ષો-પક્ષીઓ આ બધું ધ્યાનથી ન જોતાં ત્યાં ઊભા રહી એકાદ ફોટો ખેંચાવી તરત જ એને મીડિયા પર ચઢાવવાની પ્રવૃત્તિમાં લાગી જાય ત્યારે એવા મિત્રોની દયા આવે છે મીડિયા પર એવું સોશિયલ પ્રદર્શન કરી હજારોનાં ગ્રુપમાં બસો-ત્રણસો લાઈક્સ ઉઘરાવવાનાં કે દસ-વીસ જણની વાહ - વાહની કોમેન્ટ્સ લેવા માટે સામેથી વહેતી નદીનો અસ્સલ આનંદ-અનુભવ લેવાનો ભુલાઈ જાય છે!

પ્રેમ જેવી અત્યંત ખાનગી વાતોનું તો આ મીડિયા બજાર બની ગયું છે. આના પ્રતાપે અનેક જણના 'શુભમંગલ સાવધાન' થયાં છે એ વાતને સ્વીકારીએ તોય નજર સામેના દાખલા એવું કહે છે કે આ મેરેજ મોટેભાગે ફેમિલી કોર્ટનું કામ વધારવા અને વકીલોને માલદાર કરવાં જ થયેલા જોવાય છે!

'આપણે જીંદગીમાં કેટલાં ખુશ છીએ' એનું માર્કેટીંગ આ છ ઈંચના રમકડાંમાં નક્કી થાય છે. એકબીજા સાથે બેઠાં હોઈએ ત્યારે ફૅસબુક પર બીજા સાથે ચેટિંગ, અને બીજાં કોઈ સાથે હોઈએ ત્યારે વોટ્સએપ પર વાતો એવો જ ટ્રેન્ડ ધીમેધીમે થઈ ગયો છે. એકંદરે આ બધી બાબતોથી 'શંકાની નજરે' નામની નવી ટીવી સિરીયલના હપ્તા બધાંને ઘરે ટેલિકાસ્ટ થતાં થઈ ગયા છે, અને એક દિવસ બંને એકબીજાને કહી દે છે, 'ચલો ઈક બાર ફીર સે અજનબી બન જાયેં હમ દોનોં...!'

સંબંધમાં પડતી તિરાડને લીધે વોટ્સએપ પરનું સ્ટેટ્સ બદલાઈ જાય છે, એની સમુહમાં ચર્ચા થાય છે, કયારેક ચર્ચા થાય એ માટે પ્રયત્નો પણ કરવામાં આવે છે. ફૅસબુક પર પછી અનફ્રેન્ડ થાય છે, રિલેશન સ્ટેટસ બદલાય છે, મનમાં ઘુસેલા પ્રેમીને એન્ટી વાઈરસની જેમ એકદમ ફોર્મેટ કરાય છે, જાણે આ પ્રેમના કોમ્પ્યુટરમાં કશું બન્યું જ નહોતું!

રેલ્વે સ્ટેશનના બાંકડા પર જેમ પ્રવાસી ગાડી આવે એટલે ઊઠીને ચાલવા લાગે, એટલી સહજતાથી સંબંધોના બાંકડા ખાલી કરાય છે, અને એટલી જ સહજતાથી નવા પ્રવાસીની ફરીથી એન્ટ્રી પણ થાય છે... સેલિબ્રેટીના છૂટાછેડા અને એમના છૂટા પડવાની ઘટના સોશિયલ મીડિયા પર જાણે આપણાં સામાજિક કર્તવ્યની જેમ વાઈરલ થાય છે. આ સેલિબ્રેટી પાછા એના પર કંઈક ટ્વીટ કરે એટલે એની ચર્ચા ચાલુ જ રહે!!

સોશિયલ મીડિયામાં 'ફોલો' શબ્દ બહુ મજાનો છે, એક સમય હતો જયારે દેશ માટે લોહી રેડનારા સ્વાતંત્ર્ય સેનાની માટે કયાંક કશું સ્ટેટ્સ ન બદલતા, ૧૪૦ શબ્દોની ટીક ટીક કરતો મેસેજ ન કરતાંય હજારોની સંખ્યામાં લોકો સ્વયંભૂ (ઉઘરાવેલા નહીં) ભેગા થઈ જતા... આજે ગમે તેવાં હીરો-હીરોઈન કે આજકાલના આવેલા ભલીવાર વગરના ખેલાડીને ફોલોઅર્સ ફોલો કરે છે, અને એ (જેમને ફોલો કરાય છે તે) પોતાની જાતને યુથ આઈડોલ માની બેસે છે... પણ એ હીરો (?) ને ખબર નથી પડતી કે શીલા, મુન્ની, કોલાવરી ડી પછી મસ્તાની લાઈનમાં જ હોય છે...

એટલે કે એમના આવતાં પહેલાં કોઈ બીજું એમનું આઈડોલ હતું, બે દિવસનું રહીશ અને પરમ દિવસે ત્રીજો જ કોઈ એમનાં 'સર કા તાજ' બનવાનો છે... જયારે યંગ જનરેશનની સાથે અમારી મમ્મીની પેઢી પણ




આ સોશિયલ નેટવર્કના ઝાળામાં ફસાય છે, ત્યારે એ જોઈને હસવું કે રડવું ? એવો પ્રશ્ન થાય છે... એકાદું સરસ નાટક જોતી વખતે કે મજેદાર ગીતોની મહેફિલ વખતે આગળની લાઈનમાં બેઠેલાં આન્ટી સતત વોટ્સએપ પર ફોટો શેઅર કરતાં જોઈએ છીએ ત્યારે એમનો કદાચ સરસ ટાઈમપાસ થતો હશે પમ એના અજવાળાથી આજુબાજુ બેઠેલા નાટ્યપ્રેમીને જે ભયંકર ત્રાસ થાય એ એમની ઉંમર અને મોભ્ભો જોઈ વ્યક્ત પણ કરી શકાતું નથી!

'સોશિયલ મીડિયા' શાપ કે વરદાન? હવે તે સ્કૂલ યુનિફોર્મમાં પણ ઘૂસ્યું છે, જે આ વાપરે છે, ટીનેજરો એમને અવશ્ય વરદાન લાગે છે, ખરેખર તો એને પોઝીટીવલી લેવાય તો ખૂબ અગત્યનું છે જ, પણ એ

> *ગાયબ છે પેલો અંદર વાળો માણસ,*
> *જીવે છે ફક્ત અવસર વાળો માણસ.*
> *ફેસબુક-વોટ્સએપમાં કેવો ભરાયો,*
> *ક્યારેક સ્વમાનથી જીવવાવાળો માણસ!*
> *- પંકજ ગાંધી*

કેટલા વિદ્યાર્થીઓ વાપરે છે? ભણવા કરતા ફરવાના પ્લાનિંગ વધુ અને એજ્યુકેશનલ ઈન્ફોર્મેશનની જગ્યાએ ફાલતુગીરી વધુ જ થાય છે, એ વાંચનારા બધાં સ્વીકારશે જ !

હવે, આ બધામાં એક નવો શબ્દ આવ્ય છે, 'સોશિયલ સ્યુસાઈડ' એટલે કે સોશિયલ મીડિયા પરથી અસ્તિત્વ મિટાવી દેવાનું, અને આવું ઘણાં લોકો કરી રહ્યાં છે... સોશિયલ મીડિયાથી તરત મળતી પ્રસિદ્ધિ, લોકોમાં પહોંચતુ આપણું કાર્ય, વિનામૂલ્યે કામની કદર, આ બધાં ફાયતા તો છે જ, દિવાસળીનો ઉપયોગ માણસ જ વ્યવસ્થિત કરી શકે, માંકડાના હાથમાં જાય તો ઘરો બાળે એટલે સોશિયલ મીડિયા માણસ વાપરે છે કે માંકડું ? એ મહત્ત્વનું છે. છેલ્લે એક લાઈન સાથે મારો નિબંધ પૂર્ણ કરું છું. 'ઘરે મહેમાન ઓછા અને મેસેજ વધારે આવે છે અને લોકો સમજે છે કે

અનુસંધાન પાના નં. ૭ પર